# GK Samixa 1થી 30સપ્ટેમ્બર ,સામાન્યજ્ઞાન

સમીક્ષા ૬૨(૧) તારીખ ૧/૧૦/૧૬

**શક્તિસિંહા નહેરુ મેમોરીયલ મ્યુઝીયમ અને લાઈબ્રેરીના નિર્દેશક તરીકે નિયુક્ત કરાયા...**

૧) નિવૃત આઈ.એ.એસ. અધિકારી શક્તિસિંહાને 29 સપ્ટેમ્બર 2016 ના રોજ નહેરુ મેમોરીયલ મ્યુઝીયમ અને લાઈબ્રેરીના નિર્દેશક તરીકે નિયુક્ત કરાયા છે.

૨) શક્તિસિંહાની નિયુક્તિ કેન્દ્રીય નિયુક્તિ સમિતિ દ્વારા કરવામાં આવી છે.

૩) શક્તિસિંહા પૂર્વ પ્રધાનમંત્રી અટલબિહારી વાજપેયીના કાર્યકાળ વખતે પ્રધાનમંત્રી કાર્યાલયમાં ફરજ બજાવતા હતા.

૪) શક્તિસિંહા ઈન્ડિયા ફાઉન્ડેશનના નિર્દેશક પદ પર પણ રહી ચુક્યા છે, જે એક થીંક ટેંકનું કામ કરે છે.

૫) નહેરુ મેમોરીયલ મ્યુઝીયમ અને લાઈબ્રેરીના નિર્દેશકનું પદ વર્ષ 2015 થી પૂર્વ નિર્દેશક મહેશ રંગરાજનના રાજીનામાં આપ્યા બાદથી ખાલી હતું.

૬) શક્તિસિંહાની આ પદ પર નિયુક્તિ થતા આ પદને લઈને થતા વિવાદનો અંત આવ્યો છે.

૭) શક્તિસિંહાની નિયુક્તિ પર અર્થશાસ્ત્રી નીતિન દેસાઈ દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યો હતો.

**સમીક્ષા૬૩ (1)તારીખ ૨/૧૦/૧૬**

**ઈન્ફોસીસ કંપની દ્વારા પ્રથમવાર ઈન્ફીમેકર પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી...**

૧) 29 સપ્ટેમ્બર 2016 ના રોજ મેક ઈન ઈન્ડિયાને આગળ વધારવા માટે પ્રથમવાર ઈન્ફીમેકર પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી છે.

૨) આ પુરસ્કાર અંતર્ગત સામાન્ય જિંદગીને આસન બનાવનાર ટેકનીકને ઈન્ફોસીસ પાંચ લાખ રૂપિયાનો પુરસ્કાર પ્રદાન કરશે.

૩) દિલ્હીના વિદ્યાર્થી અભિષેક મટોલિયાએ એક એવી સ્ટીક બનાવી છે કે જે અંધ અને સાથે બધીર લોકોને પણ ઉપયોગી થશે.તેને આ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૪) અભિષેક સિવાય દેશના 20 અન્ય લોકોને પણ આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

૫) ઇન્ફીમેકર પુરસ્કારોનું લક્ષ્ય દેશની સર્વશ્રેષ્ઠ પ્રતિભાઓને સન્માનિત કરવાનું છે.

૬) ઈન્ફોસીસ આ પુરસ્કાર પોતાના ઈન્ફોસીસ ફાઉન્ડેશન, અમેરિકા તરફથી આપે છે.

૭) આ પુરસ્કાર કુલ 20 લોકોને આપવામાં આવ્યો છે, જે સામાન્ય લોકોના જીવનમાં ખાસ ફેરફાર માટેના નવીનીકરણ શોધે છે.

**સમીક્ષા૬૪ (1)તારીખ૩/૧૦/૧૬**

**જાપાન એશીયાઇ ખેલ 2026 ની મેજબાની કરશે...**

૧) સપ્ટેમ્બર 2016 ના ચોથા સપ્તાહમાં જાપાનના એઈચી પ્રીફેક્ચર અને તેની રાજધાની નગોયાને વર્ષ 2026 માં આયોજિત થનાર એશીયાઇ ખેલોની મેજબાની સોંપવામાં આવી છે.

૨) એશીયાઇ ઓલિમ્પિક પરિષદે શરૂઆતમાં 2026 ના ખેલોનો ફેંસલો વર્ષ 2018 માં કરવો હતો.પણ આવનાર આઠ વર્ષમાં ત્રણ ઓલિમ્પિક રમતોની પ્રતિયોગીતા હોવાને કારણે વહેલા મેજબાન પસંદ કરાયા છે.

૩) વર્ષ 2018 માં દક્ષિણ કોરિયાને શિયાળુ ઓલિમ્પિક રમતોત્સવની તૈયારી કરવાની છે.

૪) જયારે જાપાનના ટોકિયોને વર્ષ 2020 ના ઓલિમ્પિકની તૈયારી કરવાની છે.

૫) શિયાળુ ખેલોનું આયોજન વર્ષ 2022 માં બીજીંગમાં થશે.

૬) જાપાનના ટોકિયોમાં વર્ષ 2019 માં રગ્બી વિશ્વકપનું આયોજન પણ કરાશે.

૭) જાપાનમાં આ ઉપરાંત એશીયાઇ શીત કાલીન ખેલ વર્ષ 2017 માં તથા વિશ્વ તરણ સ્પર્ધા વર્ષ 2021 માં આયોજિત કરવામાં આવશે.

**સમીક્ષા ૬૫(૧) તારીખ ૪/૧૦/૧૬**

**માંન્ઝુલી દેશના વડાપ્રધાનશ્રીએ ભારત સ્વચ્છતા સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યું...**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

# GK Samixa 1થી 30સપ્ટેમ્બર ,સામાન્યજ્ઞાન

૧) 30 સપ્ટેમ્બર 2016 ના રોજ નવી દિલ્હીમાં ભારત સ્વચ્છતા સંમેલન (ઇન્ડોસેન) નું ઉદ્‌ઘાટન કરેલ છે.

૨) ઇન્ડોસેનના ઉદ્‌ઘાટન ભાષણમાં વડાપ્રધાનશ્રેએ કહ્યું કે સ્વચ્છતા અભિયાનથી દેશના લોકો પ્રભાવિત થઇ રહ્યા છે.

૩) પ્રધાનમંત્રીએ એ પણ કહ્યું કે સ્વચ્છતા માટે કોઈ વિશેષ બજેટની જરૂરીયાત નથી, પણ લોક જાગૃતિ આવે તે ઇચ્છનીય છે.

૪) આ સંમેલનમાં વડાપ્રધાનશ્રી દ્વારા સ્વચ્છતા પુરસ્કાર પણ વિતરિત કરવામાં આવેલ.

૫) સાફ સફાઈ પુરસ્કારમાં ગુજરાતની રાણકીવાવને સાફ સફાઈ એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

૬) ઇન્ડોસેન એક વાર્ષિક રાષ્ટ્રીય સંમેલન છે, જે દેશની સ્વચ્છતા સાથે સંકળાયેલ તમામ હસ્તીઓને એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.

૭) ઇન્ડોસેન સંમેલનમાં એ નક્કી કરવામાં આવ્યું છે કે વર્ષ 2019 સુધીમાં દેશને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત બનાવવામાં આવશે.

**સમીક્ષા ૬૬(૧) તારીખ ૫/૧૦/૧૬**

**પોસ્ટ વિભાગ દ્વારા ગાંધીજયંતિ પર બે સ્મારક ટીકીટ જાહેર કરવામાં આવી...**

૧) સ્વચ્છ ભારત મિશનના બે વર્ષ પૂર્ણ થવા પર દેશના નાગરિકોને સાફ-સફાઈ માટે પ્રેરિત કરવાના હેતુથી ભારતીય પોસ્ટ દ્વારા બે સ્મારક ટીકીટ જાહેર કરેલ છે.

૨) રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 147 મી જન્મજયંતિના અવસર પર કેન્દ્રીય શહેરી વિકાસમંત્રી અને સંચાર મંત્રીએ પાંચ રૂપિયા અને 25 રૂપિયાની આ ટીકીટ જાહેર કરેલ છે.

૩) દિલ્હીના ઇન્ડિયા હેબીટેટ સેન્ટરમાં આયોજિત સમારોહમાં હરિયાણા અને દિલ્હીની પાંચ-પાંચ પોસ્ટ ઓફિસોને સાફ-સફાઈના મામલે શ્રેષ્ઠ પ્રદર્શન કરવાના હેતુથી સન્માનિત કરેલ છે.

૪) પોસ્ટેઝ ટીકીટના સંગ્રહને ફીલાટેલી કહેવામાં આવે છે.ઘણા લોકો શોખ ખાતર ટપાલ ટીકીટ એકઠી કરતા હોય છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૫) ભારતમાં પ્રથમ પોસ્ટેઝ સ્ટેમ્પ 1 જુલાઈ 1852 માત્ર સિંધ પ્રાંતના મુંબઈ કરાંચી માર્ગ પર વાપરવા માટે સિંધ પોસ્ટ ટીકીટ બહાર પાડવામાં આવી હતી.

૬) સૌપ્રથમ ઈંગ્લેન્ડમાં પોસ્ટ ટીકીટ વેચવાની વ્યવસ્થા વર્ષ 1840 માં કરવામાં આવી હતી.

૭) વિશ્વની પ્રથમ પોસ્ટ ટીકીટ 1 મેં.1840 ના રોજ ગ્રેટ બ્રિટનમાં જાહેર કરવામાં આવી હતી.

**સમીક્ષા ૬૭ (1) તા ૬/૧૦/૧૬**

**વંદના કટારિયા એશીયાઇ મહિલા હોકી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતના કેપ્ટન બન્યા...**

૧) આગામી 29 ઓક્ટોબરથી 5 નવેમ્બર વચ્ચે આયોજિત સિંગાપુરના આયોજિત એશીયાઇ હોકી ચેમ્પીયનશીપમાં વંદના કટારિયાને ભારત તરફથી રમનાર ટીમનું પ્રતિનિધિત્વ સોંપવામાં આવેલ છે.

૨) આ ટીમમાં ડીફેન્ડર સુનીતા લાકડાને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યા છે.

૩) ચોથી એશીયાઇ હોકી સ્પર્ધામાં ભારત, જાપાન, કોરિયા ,ચીન અને મલેશિયા ભાગ લેશે.

૪) ભારત પોતાની પ્રથમ મેચ 29 ઓક્ટોબર 2016 ના રોજ જાપાન સાથે રમશે.

૫) વંદના કટારિયાનો જન્મ 15 એપ્રિલ 1992 ના રોજ ઉત્તરપ્રદેશમાં થયો હતો.

૬) વંદના કટારિયાને વર્ષ 2013 ની જુનીયર મહિલા વિશ્વકપમાં કાંસ્ય પદક પ્રાપ્ત થયેલ.

૭) વંદના કટારિયાએ વર્ષ 2006 માં પ્રથમવાર જુનીયર આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લીધો હતો.

**સમીક્ષા ૬૮ (1) તા ૭/૧૦/૨૦૧૬**

**સુશીલ ચંદ્રને સી.બી.ડી.ટી.ના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા...**

૧) કેન્દ્ર સરકાર દ્વારા સુશીલ ચંદ્રને ઓક્ટોબર 2016 માં સી.બી.ડી.ટી.ના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) ચંદ્ર હાલમાં રહેલા સી.બી.ડી.ટી.ના અધ્યક્ષ/નિર્દેશક રાની સિંહ નાયરના 31 ઓક્ટોબર 2016 ના રોજ સેવા નિવૃત્તિ થયા બાદ આ પદ સંભાળશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૩) સુશીલ ચંદ્ર હાલમાં સી.બી.ડી.ટી.ના સદસ્યના રૂપમાં કાર્યરત છે.

૪) કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડ ભારતમાં પ્રત્યક્ષ કરો માટે નિયમ તથા યોજનાઓ પ્રસ્તુત કરે છે.

૫) કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડ ભારત સરકારના અધિનિયમ 1963 ના અનુસંધાને સ્થાપિત એક સંસ્થા છે.

૬) સી.બી.ડી.ટી.ના અધ્યક્ષ ભારતીય રાજસ્વ સેવાના ઉચ્ચ અધિકારી હોય છે.

૭) સી.બી.ડી.ટી.ના અધ્યક્ષ લેફ્ટનન્ટ જનરલ, વાઈસ એડમિરલ, એયર માર્શલ, સી.બી.આઈ.નિર્દેશક તથા ઉપ નિયંત્રક અને મહાલેખા પરીક્ષકથી પણ ઊંચું હોય છે.

**સમીક્ષા ૬૯ (1) તા ૮/૧૦/૨૦૧૬**

**ભારત દ્વારા ટેલિકોમ્યુનિકેશન સેટેલાઈટ ઋજઅઝ-૧૮ નું સફળ લોન્ચિંગ કરાયું...**

૧) 6 ઓક્ટોબર 2016 ના રોજ ભારત દ્વારા ટેલિકોમ્યુનિકેશન સેટેલાઈટ ઋજઅઝ-૧૮ નું સફળ લોન્ચિંગ કરાયું છે.

૨) આ સેટેલાઈટ ફ્રેંચ ગુયાનાના કોરુ સ્પેસપોર્ટ પરથી રોકેટ એરીયન–5 દ્વારા પ્રક્ષેપિત કરવામાં આવ્યો હતો.

૩) આ સેટેલાઈટ ભારત દેશને 15 વર્ષ માટે ટેલિકોમ્યુનિકેશનની સેવા પૂરી પાડશે.

૪) સેટેલાઈટ ઋજઅઝ-૧૮ નું કુલ વજન 3404 કિલોગ્રામ છે, જે અન્ય વજન ક્ષમતામાં ભારે ગણાય છે.

૫) ઈસરો દ્વારા આ સેટેલાઈટ સાથે ઓસ્ટ્રેલીયાના ઓપરેટર એન.બી.એ.(નેશનલ બ્રોડબેન્ડ ઓપરેટર)નો એક સેટેલાઈટ સ્કાયમસ્ટર–2 પણ લોન્ચ કરેલ છે.

૬) સેટેલાઈટ ઋજઅઝ-૧૮ ને ભારતની અવકાશ સંશોધન સંસ્થા ઈસરો દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૭) આજ સુધીમાં ઈસરો દ્વારા 14 જેટલા સેટેલાઈટ દેશ માટે કોમ્યુનિકેશન કાર્ય માટે લગાવવામાં આવ્યા છે, સેટેલાઈટ ઋૠજઅઝ-૧૮ દ્વારા આ માળખું વધારે મજબુત બનશે.

**સમીક્ષા ૭૦ (1) તા ૯/૧૦/૨૦૧૬**

**ગૌતમ લાહિડી પ્રેસ ક્લબ ઓફ ઇન્ડીયાના અધ્યક્ષ તરીકે પસંદ થયા...**

૧) પ્રખ્યાત પત્રકાર ગૌતમ લાહિડીને પ્રેસ ક્લબ ઓફ ઇન્ડીયાના નવા અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

૨) જયારે વિનયકુમારને પ્રેસ ક્લબ ઓફ ઇન્ડીયાના મહા સચિવ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

૩) પ્રેસ ક્લબ ઓફ ઇન્ડીયાના પદાધિકારીઓ તથા કાર્યકરો માટે એક ઓક્ટોબર 2016 ના રોજ ચુંટણી આયોજિત કરવામાં આવી હતી.

૪) આ ચુંટણીની મત ગણના 4 ઓક્ટોબર 2016 ના રોજ શરુ કરવામાં આવી હતી.

૫) મત ગણતરી અનુસાર પરિણામો પ્રમાણે મનોરંજન ભારતી ઉપાધ્યક્ષ, જોમી થોમસ સયુંકત સચિવ, અને અરુણ કુમાર જોશી કોષાધ્યક્ષ તરીકે ચૂંટાયા છે.

૬) આ ચુંટણીમાં 684 મતો સાથે ગૌતમ લાહિડી પ્રથમ સ્થાને રહ્યા છે.

૭) ક્લબ કાર્યકારોમાં પસંદ થયેલા ઉમેદવારોની સંખ્યા કુલ 16 છે, જે હવેથી પોતાની કામગીરી આરંભશે.

**સમીક્ષા ૭૧ (1) તા ૧૦/૧૦/૨૦૧૬**

**નિશાનેબાજ જીતુ રાયે વિશ્વકપમાં રજતપદક જીત્યો...**

૧) ભારતીય નિશાનેબાજ જીતુ રાયે 6 ઓક્ટોબર 2016 ના રોજ બોલોગ્ના,ઈટાલીમાં આયોજિત આઈ.એસ.એસ.એફ. વિશ્વકપમાં રજતપદક મેળવેલ છે.

૨) આ રજતપદક તેમણે ફાઈનલની 50 મીટર પિસ્તોલ સ્પર્ધામાં જીતેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૩) આ સ્પર્ધામાં ચીનના વેઈપીંગ પ્રથમ સ્થાને રહ્યા હતા.

૪) આ સ્પર્ધામાં ઇટાલીના જીયુસેપ ગિયાડ રેનોએ કાંસ્યપદક પદક જીતેલ છે.

૫) જીતુ રાયે વિશ્વકપ 2014 માં બનાવેલ પોતાના પાછળના રાષ્ટ્રીય રેકોર્ડ સ્કોરની બરાબરી કરી.

૬) આ પહેલા જીતુએ અજરબેજાનના બાકુના વિશ્વકપમાં દસ મીટર એયર પિસ્તોલમાં રજતપદક જીતેલ.

**સમીક્ષા ૭૨ (1) તા ૧૧/૧૦/૨૦૧૬**

**વિશ્વ પોસ્ટલ દિવસની ઉજવણી કરવામાં આવી...**

૧) 9 ઓક્ટોબર 2016 ના રોજ વિશ્વ પોસ્ટલ દિવસની ઉજવણી કરવામાં આવી.

૨) આ વર્ષના પોસ્ટલ દિવસનો વિષય રાખવામાં આવ્યો હતો, નવીનતા, એકીકરણ અને સમાવેશન.

૩) આ દિવસનો ઉદેશ્ય દૈનિક જીવનમાં પોસ્ટના મહત્વને દર્શાવવામાં આવેલ છે.

૪) પોસ્ટ વિભાગની આંતરરાષ્ટ્રીય, સામાજિક અને આર્થિક વિકાસમાં તેના યોગદાનને પણ દર્શાવવામાં આવેલ છે.

૫) વર્ષ 1874 ના રોજ આ દિવસે સ્વીટ્ઝરલૅન્ડની રાજધાની બર્નમાં યુનિવર્સલ પોસ્ટલ યુનિયનની સ્થાપના કરવામાં આવી હતી તેથી આ દિવસને ઉજવવામાં આવે છે.

૬) યુ.પી.યુ. કોંગ્રેસ ટોક્યો દ્વારા વર્ષ 1969 માં 9 ઓક્ટોબરને વિશ્વ પોસ્ટલ દિન તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.

૭) દરવર્ષે લગભગ 150 જેટલા દેશોમાં વિશ્વ પોસ્ટલ દિવસ ઉજવવામાં આવે છે.

**સમીક્ષા ૭૩ (1) તા ૧૨/૧૦/૨૦૧૬**

**એંડી મરેએ ચાઈના ઓપન પુરુષ સિંગલ્સઓ ખીતાબ જીત્યો...**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૧) 9 ઓક્ટોબર 2016 ના રોજ એંડી મરેએ ચાઈના ઓપન પુરુષ સિંગલ્સનો ખિતાબ જીતેલ છે.

૨) આ સ્પર્ધા નેશનલ ટેનીસ સેન્ટર બીજિંગચીનમાં આયોજિત કરવામાં આવી હતી.

૩) વિશ્વના નંબર વન બે ખેલાડી મરેએ ગ્રીગોર દિમીત્રોવને 6–4,7–6 થી હરાવ્યા હતા.

૪) ચાઈના ઓપનએ એક વાર્ષિક સ્પર્ધા છે. જે દર વર્ષે બીજીંગમાં આયોજિત થાય છે.

૫) નોવાક જોકોવિચ એકમાત્ર એવા ખેલાડી છે કે જેણે આ સ્પર્ધા છ વાર જીતેલ છે.

૬) સતત ચાર વાર આ સ્પર્ધા જીતવાનો રેકોર્ડ પણ નોવાક જોકોવિચના નામે છે.

૭) નોવાક જોકોવિચ વર્ષ 2015 ની ચાઈના ઓપન પુરુષ સિંગલ્સના વિજેતા રહ્યા હતા.

## સમીક્ષા ૭૪ (1) તા ૧૩/૧૦/૨૦૧૬

**ભારતે ન્યુઝીલેન્ડને હરાવી શ્રેણી જીતી...**

૧) ઈન્દોરના હોલકર સ્ટેડીયમમાં 11 ઓક્ટોબર 2016 ના રોજ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાયેલ ત્રીજી ટેસ્ટમાં ભારતે ન્યુઝીલેન્ડને 3–0 થી હરાવીને સીરીઝ જીતેલ છે.

૨) ભારતે આ મેચ 321 રનથી જીતેલ છે.જેમાં ભારતના બેટ્સમેન આર.અશ્વિને મહત્વની ભૂમિકા ભજવી છે.

૩) ભારતે ન્યુઝીલેન્ડની ટીમને ચોથા દાવમાં 475 રનનો લક્ષ્યાંક આપ્યો હતો.

૪) આ લક્ષ્યાંક સામે ન્યુઝીલેન્ડની ટીમ 44.5 ઓવરમાં 153 રનમાં ઓલ આઉટ થઈ હતી.

૫) ભારત દ્વારા આપવામાં આવેલ આ પાંચમો ટેસ્ટમાં સૌથી મોટો લક્ષ્યાંક હતો.

૬) આર.અશ્વિને આ ટેસ્ટમાં કુલ 13 વિકેટ મેળવી હતી.

૭) આર.અશ્વિન દ્વારા પ્રથમ મેચમાં છ અને બીજી મેચમાં સાત વિકેટ ઝડપી હતી.

## સમીક્ષા ૭૫ (1) તા ૧૪/૧૦/૨૦૧૬

**દેશનું પ્રથમ આંતરરાષ્ટ્રીય મધ્યસ્થતા કેન્દ્ર મુંબઈમાં શરુ થયું...**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૧) મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ દ્વારા 8 ઓક્ટોબર 2016 ના રોજ દેશના પ્રથમ આંતરરાષ્ટ્રીય મધ્યસ્થતા કેન્દ્રનો શુભારંભ કરવામાં આવ્યો છે.

૨) કંપનીઓને મધ્યસ્થતા માટે હવે સિંગાપુર, હોંગકોંગ કે લંડન જવાની જરૂર નહિ પડે.

૩) મધ્યસ્થતા માટે આ કેન્દ્ર ભારત સિવાયના દેશને પણ કંપનીઓ માટે ઉપયોગી થશે.

૪) મુંબઈમાં આંતરરાષ્ટ્રીય મધ્યસ્થતા કેન્દ્ર શરુ થવાના કારણે વિશ્વમાં વ્યાપારિક વિવાદોના સમાધાન માટે ભારત એક જુદી ઓળખ પ્રસ્થાપિત કરશે.

૫) દેશમાં આજસુધીના સૌથી પહેલા ઉન્નત આંતરરાષ્ટ્રીય મધ્યસ્થતા કેન્દ્રની સ્થાપનાથી વિવાદ, સમાધાન વ્યવસ્થા સ્થાપિત કરવું એક મહત્વપૂર્ણ કદમ છે.

૬) મધ્યસ્થતા કેન્દ્ર પ્રધાનમંત્રીના મેક ઈન ઈન્ડિયા અભિયાનના અનુરૂપ છે.

૭) આ કેન્દ્રને રાજ્ય સરકારના સહયોગથી બનાવવામાં આવ્યું છે.અને તેનો ઉદેશ્ય માત્ર લાભ ખાંટવા પુરતો જ નથી. વાસ્તવમાં કાર્ય કરવા માટેનો છે.

**સમીક્ષા ૭૬ (1) તા ૧૫/૧૦/૨૦૧૬**

**પોર્ટુગલના પૂર્વ પ્રધાનમંત્રી એન્ટોનિઓ ગુતરસ સયુંકત રાષ્ટ્ર મહાસંઘના મહા સચિવ તરીકે નિયુક્ત થયા...**

૧) હાલમાં પોર્ટુગલના પૂર્વ પ્રધાનમંત્રી એન્ટોનિઓ ગુતરસ સયુંકત રાષ્ટ્ર મહાસંઘના મહા સચિવ તરીકે બાનકી મુનના ઉતરાધિકારી બન્યા છે.

૨) સયુંકત રાષ્ટ્ર સંઘના 193 દેશોની સર્વ સંમતિથી આ પદ તેઓને સોંપવામાં આવેલ છે.

૩) પોર્ટુગલના એન્ટોનિઓ ગુતરસ સયુંકત રાષ્ટ્ર મહાસંઘના મહા સચિવ તરીકે એક જાન્યુઆરી 2017 થી પોતાનો કાર્યભાર સંભાળશે.

૪) એન્ટોનિઓ ગુતરસ સયુંકત રાષ્ટ્ર મહાસંઘના મહા સચિવ તરીકે આગામી પાંચ વર્ષ માટે પોતાની સેવા આપશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૫) પોર્ટુગલના એન્ટોનિઓ ગુતરસ સયુંકત રાષ્ટ્ર મહાસંઘના મહા સચિવ તરીકે તેઓ નવમાં વ્યક્તિ છે.

૬) 67 વર્ષના એન્ટોનિઓ ગુતરસ સયુંકત રાષ્ટ્ર મહાસંઘના મહા સચિવ તરીકે 72 વર્ષના વર્તમાન મહાસચિવ બાન કી મુનની જગ્યા લેશે.

૭) બાન કી મુનનો કાર્યકાળ 31 ડીસેમ્બર 2016 ના રોજ ખતમ થશે, તેઓ છેલ્લી બે ટર્મથી આ પદ પર હતા.

**સમીક્ષા ૭૭ (1) તા ૧૬/૧૦/૨૦૧૬**

**15 ઓક્ટોબર આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ મનાવવામાં આવ્યો...**

૧) સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ ઉજવવામાં આવ્યો, આ વર્ષનો વિષય રાખવામાં આવ્યો હતો,જળવાયું પરિવર્તન કૃષિ અને ખાદ્યાન્નમાં પણ બદલાવ જરૂરી.

૨) આ વર્ષના વિષય દ્વારા ખેડૂતો માછીમારો અને ભરવાડો તથા કૃષિ સાથે જોડાયેલા લોકોને લાભ થશે.

૩) તેનામાં જળવાયું પરિવર્તન સાથે ખેતીમાં જરૂરી બદલાવની સમજ પણ વિકસિત કરાવવામાં આવશે.

૪) સયુંકત રાષ્ટ્રના મત અનુસાર જો ગ્રામીણ પરિવારની એક મહિલાને સશક્ત બનાવી દેવામાં આવે તો તે સમગ્ર પરિવારને સશક્ત બનાવી શકશે.

૫) પ્રથમ આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ 15 ઓક્ટોબર 2008 ના રોજ ઉજવવામાં આવ્યો હતો.

૬) આ દિવસની સ્થાપના મહાસભા દ્વારા 18 ડીસેમ્બર 2007 ના રોજ કરવામાં આવી હતી.

૭) આ દિવસ ગ્રામીણ મહિલાઓની મહત્વપૂર્ણ ભૂમિકાના મહત્વને યાદ કરવાના ઉદેશ્યથી મનાવવામાં આવે છે.

**સમીક્ષા ૭૮ (1) તા ૧૭/૧૦/૨૦૧૬**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

**અજયકુમાર ભલ્લા વિદેશ વ્યાપારના મહાનિર્દેશક તરીકે નિયુક્ત કરાયા...**

૧) કેન્દ્ર સરકાર દ્વારા ભારતની પ્રશાસનીક સેવાના વરિષ્ઠ અધિકારી અજયકુમાર ભલ્લાની વિદેશ વ્યાપારના મહાનિર્દેશક તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

૨) 1984 ની બેચના અસમ–મેઘાલય કેડરના અધિકારી ભલ્લા  હાલમાં વ્યાપાર મંત્રાલયના ઉપ સચિવ છે.

૩) હવેથી તેઓની નિયુક્તિ અનુપ વાધવાનની જગ્યા પર કરવામાં આવી છે.

૪) જયારે વાધવાનને વ્યાપાર મંત્રાલયના ઉપ સચિવ બનાવવામાં આવ્ય છે.

૫) વિદેશ વ્યાપાર મહાનિર્દેશક વ્યાપાર અને ઉદ્યોગ મંત્રાલયના સંબધમાં રહી કાર્ય કરે છે.

૬) મહાનિર્દેશકની જવાબદારી ભારતની નિકાસને વધારવાની નીતિને લાગુ કરવાની રહે છે.

૭) ઇન્દોરમાં તેના મુખ્ય કાર્યાલય સાથે તેની પાસે અન્ય 36 પ્રાદેશિક કાર્યાલયોનું નેટવર્ક છે.

**સમીક્ષા ૭૯ (1) તા ૧૮/૧૦/૨૦૧૬**

**બેંક ઓફ બરોડાએ પી.વી. સિંધુ અને શ્રીકાંતને બ્રાંડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યા...**

૧) ભારતના સાર્વજનિક ક્ષેત્રની બીજા નંબરની સૌથી મોટી બેંક એટલે બેંક ઓફ બરોડા.

૨) હાલમાં બેંક ઓફ બરોડાએ પી.વી સિંધુ અને શ્રીકાંતને પોતાની શાખા માટે બ્રાંડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યા છે.

૩) બેડમિન્ટન ખેલાડી પી.વી.સિંધુએ રિયો ઓલિમ્પિકમાં રજત પદક જીત્યો હતો.

૪) શ્રીકાંત બેડમિન્ટનમાં પુરુષ ખેલાડી છે, તે પણ પોતાના ફિલ્ડમાં સારું વર્ચસ્વ ધરાવે છે.

૫) વર્ષ 2005 માં આ બેંકે ક્રિકેટર રાહુલ દ્રવિડને પોતાના બ્રાંડ એમ્બેસેડર બનાવ્યા હતા.

૬) હાલમાં બેંક ઓફ બરોડાના કાર્યકારી નિર્દેશક મયંક મહેતા છે.

www.edusafar.com

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી  એપ્સ ડાઉનલોડ કરો**

૭) બેંક ઓફ બરોડાની સ્થાપના મહારાજ સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ 20 જુલાઈ 1908 ના ગુજરાતના દેશી રાજ્ય વડોદરામાં કરી હતી.

**સમીક્ષા ૮૦ (1) તા ૧૯/૧૦/૨૦૧૬**

**સિક્કિમ દેશનું પ્રથમ સ્વચ્છ રાજ્ય બન્યું...**

૧) સ્વચ્છ ભારત અંતર્ગત દેશના ઉતર પૂર્વીય ભાગમાં વસેલું પહાડી રાજ્ય સિક્કિમ દેશનું પ્રથમ સ્વચ્છ રાજ્ય બનવા પામેલ છે.

૨) દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીજીએ સિક્કીમના ગંગટોકને દેશનું સૌથી સ્વચ્છ પર્યટક સ્થળ તરીકે સન્માનિત કરેલ છે.

૩) સિક્કિમના દરેક વિસ્તારો એક–એક કરીને વધારે સ્વચ્છ બનવા પામ્યા છે.

૪) સિક્કિમમાં સ્વચ્છતાનો સંદેશ દરેક શહેર તથા ગામમાં પણ પહોંચાડવામાં આવ્યો છે.

૫) સિક્કિમના દરેક નાગરિકો પોતાની સ્વચ્છતા અંતર્ગત ફરજ સારી રીતે નિભાવી જાણ્યા છે.

૬) પશ્ચિમ સિક્કિમના તાશીડીંગની સરકારી સ્કુલમાં બાળકો કચરાના ફરીવાર ઉપયોગ કરવા માટે જાગૃત બન્યા છે.

૭) સિક્કિમના વિદ્યાર્થીઓ તમામ ચીજોને વ્યવસ્થિત રાખીને અન્ય અભાવોને વિકલ્પમાં બદલાવાની કોશિશ કરે છે.

**સમીક્ષા ૮૧ (1) તા ૨૦/૧૧/૨૦૧૬**

**ભારતીય નૌકાદળમાં અણુ સબમરીન અરિહંતને સામેલ કરાઈ...**

૧) ભારતીય નૌકાદળમાં આઈ.એન.એસ.અરિહંતસામેલ થવાને કારણે ભારત અણુ સબમરીન ધરાવનાર વિશ્વનો છઠ્ઠો દેશ બનવા પામેલ છે.

૨) આ સબમરીન સામેલ થવાને કારણે ભારત પાણીમાંથી પણ દુશ્મન દેશો પર હુમલો કરી શકવા સક્ષમ બની રહેશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૩) અમેરિકા, બ્રિટન, ફ્રાંસ, રશિયા, ચીન બાદ ભારતે આ અણુ સબમરીન વિકસાવી છે.

૪) અરિહંતમાં કે–15 અને બીઓ–5 શોર્ટ રેંજ મિસાઈલ તૈયાર રાખવામાં આવેલ છે.તેની મારક ક્ષમતા 700 કિલોમીટર સુધીની છે.

૫) અરિહંતની પ્રહાર ક્ષમતા 3500 કિલોમીટર જેટલી ધરાવે છે.

૬) અરિહંત કે–4 બેલેસ્ટિક મિસાઈલ્સથી પણ સજ્જ છે, તેની ક્ષમતા 3500 કિમી છે.

૭) અરિહંતનું વજન 6000 ટન જેટલું છે, ભારત હવે પાડોશી દેશોને ટક્કર આપી શકશે.

**સમીક્ષા ૮૨ (1) તા ૨૧/૧૦/૨૦૧૬**

**ભારતના ચૂંટણીપંચ દ્વારા મતદાતાના શિક્ષણ માટે આજ સુધીનું પ્રથમ આંતરરાષ્ટ્રીય સંમેલન આયોજિત કરવામાં આવ્યું...**

૧) ભારત ચૂંટણીપંચ દ્વારા મતદાતા જાગૃતિ માટે 19 ઓક્ટોબર 2016 ના રોજ નવી દિલ્હીમાં એક સંમેલન યોજાયું હતું.

૨) આ સંમેલનના આયોજનનો વિષય હતો,સમાવેશી, જાગૃતિ અને નૈતિક ભાગીદારી માટે તેના માટે શિક્ષા.

૩) આ સંમેલનનો મુખ્ય ઉદેશ્ય ચૂંટણી પ્રક્રિયાની સર્વોતમ બાબતો, નીતિઓ અને મતદાતા જાગૃતિનું આ પ્રથમ પગથીયું હતું.

૪) આ ત્રણ દિવસીય સંમેલનમાં 27 દેશોમાંથી પાંચ આંતરરાષ્ટ્રીય સંગઠનોએ ભાગ લીધો હતો.

૫) ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરશ્રી તરીકે ડો.નસીમ જેદીએ સંમેલનને ખુલ્લું મુક્યું હતું, સંબોધન કર્યું હતું.

૬) ભારતનું ચૂંટણીપંચ એક સ્વાયત સંસ્થા છે, ટે અર્ધ ન્યાયિક સંસ્થાન પણ છે.

૭) ભારતમાં ચૂંટણીપંચની સ્થાપના 25 જાન્યુઆરી1950 ના રોજ કરવામાં આવી છે.

**સમીક્ષા ૮૩ (1) તા ૨૨/૧૦/૨૦૧૬**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

**ભારત અને ચીન દ્વારા સયુંકત સૈન્ય અભ્યાસ આયોજિત થયો...**

૧)19 ઓક્ટોબર 2016 ના રોજ ભારત અને ચીન દેશોએ સાથે મળીને બીજા સૈન્ય અભ્યાસમાં ભાગ લીધો છે.

૨) આ સયુંકત અભ્યાસ લદાખના પૂર્વ વિસ્તારમાં આયોજિત કરવામાં આવેલ છે.

૩) આ વર્ષના સૈન્ય અભ્યાસને ચીન–ભારત સહયોગ–2016 નામ આપવામાં આવ્યું છે.

૪) આ આયોજન સરહદ રક્ષણ સહયોગ સમજુતી 2013 અનુસંધાને ભારત અને ચીનના સંપર્ક અને સહયોગ વધારવાની પહેલ સ્વરૂપે કરવામાં આવેલ છે.

૫) આ પહેલા પણ ફેબ્રુઆરી 2016 માં એક સૈન્ય અભ્યાસ બંને દેશો વચ્ચે આયોજિત થઇ ચુક્યો છે.

૬) આ અભ્યાસમાં માનવીય સહાયતા અને આપતિ રાહત વિષય અંતર્ગત દિવસભર અભ્યાસ માટે એક ભારતીય સરહદી ગામમાં ભૂંકપ આવવાની મોક ડ્રીલ કરવામાં આવી હતી.

૭) બંનેના સયુંકત અભ્યાસમાં ભારતીય ટીમનું નેતૃત્વ બ્રિગેડીયર આર.એસ.રમણ દ્વારા કરવામાં આવ્યું, જ્યારે ચીનની સેનાનું નેતૃત્વ કર્નલ ફેન જુને સાંભળ્યું હતું.

**સમીક્ષા ૮૪ (1) તા ૨૩/૧૦/૨૦૧૬**

**ભારતીય તબીબ ડો. કેતન દેસાઈને વર્લ્ડ મેડીકલ એસોસીએશનના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરાયા...**

૧) દુનિયાભરના તબીબોની મહત્વની સંસ્થા વર્લ્ડ મેડીકલ એસોસિએશનના અધ્યક્ષ તરીકે ભારતીય તબીબ ડો. કેતન દેસાઈને નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) તાઈવાનમાં મળેલી બેઠક અનુસંધાને તેઓને અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૩) વર્ષ 2009 થી વર્લ્ડ મેડીકલ એસોસિએશનના ભાવી અધ્યક્ષ પસંદ કરવાના સમયથી કેતન દેસાઈ પર ભ્રષ્ટાચારના આરોપ લાગી રહ્યા હતા.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૪) તાઈવાનમાં મળેલ બેઠકમાં ડબ્લ્યુ.એમ.એ.ની વાર્ષિક સભામાં 40 થી વધારે રાષ્ટ્રીય ચિકિત્સા સંઘોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

૫) હવેથી કેતન દેસાઈ વર્ષ 2016–17 સુધી ડબ્લ્યુ.એમ.એ.ના અધ્યક્ષ તરીકે રહેશે.

૬) ડો. કેતન દેસાઈ યુરોલોજીસ્ટ છે, તેઓ બી.જે. મેડીકલ કોલેજ અમદાવાદમાં યુરોલોજી વિભાગના પ્રમુખ છે.

૭) હાલમાં તેઓ ગુજરાત મેડીકલ કાઉન્સિલના સદસ્ય તરીકે સેવા આપી રહ્યા છે.

**સમીક્ષા ૮૫ (1) તા ૨૪/૧૦/૨૦૧૬**

**ઈટાલીના મિલાન સિટીએ દલાઈલામાને માનદ નાગરિકા પ્રદાન કરી...**

૧) 20 ઓક્ટોબર 2016 ના રોજ ઈટાલીના મિલાન સીટી કાઉન્સિલ દ્વારા દલાઈલામાને માનદ નાગરિકતા પ્રદાન કરવામાં આવી છે.

૨) દલાઈલામાને આપવામાં આવેલ સન્માન બદલ ચીન દેશે ઈટાલી પ્રત્યે નારાજગી દર્શાવી છે.

૩) મિલાનની કાઉન્સિલના ચેરમેન લંબેરતો બેર્તોલેએ મિલાનમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન દલાઈલામાને માનદ નાગરિકતા પ્રદાન કરેલ છે.

૪) દલાઈલામા તિબ્બતી બૌદ્ધ ધર્મના વર્તમાન ધર્મગુરુ છે.

૫) ચીન દ્વારા તિબ્બત પર આક્રમણ બાદ તેઓને રાજનૈતિક સત્તા સંભાળવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો.

૬) દલાઈલામાએ 15 વર્ષની વયે 1950 થી પોતાની જવાબદારી સંભાળવાનું શરુ કરી દીધું હતું.

૭) વર્ષ 1959 માં તિબ્બતમાં સંઘર્ષને કારણે દલાઈલામાએ ભારતમાં આશરો પ્રાપ્ત કર્યો હતો.

**સમીક્ષા ૮૬ (1) તા ૨૫/૧૦/૨૦૧૬**

**વિશ્વનું સૌથી જુનું વિમાન વાહક જહાજ આઈ.એન.એસ. વિરાટને સેવા નિવૃત કરવામાં આવ્યું...**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૧) વિશ્વનું સૌથી જૂની વિમાન વાહક આઈ.એન.એસ. વિરાટને 23 ઓક્ટોબર 2016 ના રોજ સેવા નિવૃત કરવામાં આવેલ છે.

૨) આ જહાજને સેવા નિવૃત કરવા માટે મુંબઈ મોકલવામાં આવેલ છે.

૩) આગામી 29 ઓક્ટોબરના રોજ તેમની આધિકારિક સેવા નિવૃત્તિ કરવામાં આવશે.

૪) આ જહાજ બ્રિટીશ સરકારની સહાયતાથી બનાવવામાં આવ્યું હતું.

૫) આ જહાજ ભારતીય નૌસેનામાં વર્ષ 1987 માં સામેલ કરવામાં આવ્યું હતું.

૬) આઈ.એન.એસ .વિરાટે બ્રિટીશ રોયલ નેવીમાં 29 વર્ષ અને ભારતીય નૌસેનામાં 27 વર્ષ સુધી પોતાની સેવા આપેલ છે.

૭) વિશ્વમાં સૌથી વધારે સેવા રહેવાને કારણે આ જહાજનું નામ ગિનીસબુકમાં નોંધવામાં આવેલ છે.

## સમીક્ષા ૮૭ (1) તા ૨૬/૧૦/૨૦૧૬

**કિરણ મજમુદાર શોને ફ્રાન્સના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા...**

૧) બાયકોન કંપનીના ચેરપર્સન અને પ્રબંધ નિર્દેશક કિરણ મજમુદાર શોને હાલમાં ફ્રાન્સના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા છે.

૨) ભારતમાં ફ્રાન્સના રાજદૂત એલેકજેન્દ્રે જીએગ્લરે ફ્રાન્સના રાષ્ટ્રપતિ વતી કિરણ મજમુદાર શોને આ સન્માનથી સન્માનિત કરેલ છે.

૩) આ સન્માન તેઓને બાયોસાયન્સ ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ પ્રદાન માટે આપવામાં આવ્યું છે.

૪) કિરણ મજમુદાર શોનો જન્મ 23 માર્ચ 1953 ના રોજ બેંગ્લોરમાં થયો હતો.

૫) ઇંગ્લેન્ડની પ્રખ્યાત પત્રિકા ‘ધ મેડીસીન મેકરે’ દવા ક્ષેત્રની 100 હસ્તીઓની યાદીમાં તેઓને બીજું સ્થાન આપવામાં આવ્યું હતું.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૬) કિરણ મજમુદાર શો આજે પણ બાયોકોન કંપનીના અધ્યક્ષ અને પ્રબંધ નિર્દેશક તરીકે કાર્યરત છે.

૭) ભારત સરકાર દ્વારા તેઓને પદ્મશ્રી, પદ્મ ભૂષણ અને કર્ણાટક સરકાર દ્વારા તેઓને રાજ્યોત્સવ' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ છે.

**સમીક્ષા ૮૮ (1) તા ૨૭/૧૦/૨૦૧૬**

**બિલાલ નાજકી જમ્મુ કાશ્મીરના માનવાધિકાર આયોગના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરાયા...**

૧) 24 ઓક્ટોબર 2016 ના રોજ જમ્મુ કાશ્મીરના માનવાધિકાર આયોગના અધ્યક્ષ તરીકે બિલાલ નાજકીની નિયુક્તિ કરવામાં આવી છે.

૨) કાશ્મીરનાં માનવાધિકાર આયોગના પૂર્વ અધ્યક્ષ જસ્ટીસ બશીરુદ્દીન ફરજ બજાવતા હતા.

૩) બિલાલ નાજકીનો જન્મ શ્રીનગર, જમ્મુ કાશ્મીરમાં 18 નવેમ્બર 1947 ના રોજ થયો હતો.

૪) બિલાલ નાજકીએ અલીગઢ મુસ્લિમ યુનિવર્સીટીમાંથી શિક્ષણ પ્રાપ્ત કરેલ છે.

૫) બિલાલ નાજકી 14 નવેમ્બર 2009 નાં રોજ ઓડીશારાજ્યના ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ નિયુક્ત થયા હતા.

૬) વર્ષ 2013 માં હજ સમિતિના કાર્યોની સમીક્ષા માટે રચાયેલ સમિતિના અધ્યક્ષ તરીકે રહી ચુક્યા છે.

૭) બિલાલ નાજકી બિહાર માનવાધિકાર આયોગના અધ્યક્ષ પદ પર પણ રહી ચુક્યા છે.

**સમીક્ષા ૮૯ (1) તા ૨૮/૧૦/૨૦૧૬**

**રાષ્ટ્રીય આદિવાસી સંમેલનનું ઉદ્દ્ઘાટન દિલ્હીમાં થયું...**

૧) 25 ઓક્ટોબર 2016 ના રોજ દેશના વડાપ્રધાનશ્રીએ દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન ડોર સ્ટેડીયમમાં રાષ્ટ્રીય આદિવાસી સંમેલનનું ઉદ્દ્ઘાટન કર્યું.

૨) આ સંમેલનનો ઉદેશ્ય આદિવાસીઓ વચ્ચે સમગ્રતાની ભાવનાને વધારવાનો છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૩) અલગ-અલગ વિસ્તારો અને રાજ્યોમાંથી આવેલા લગભગ 1600 આદિવાસી કલાકારોએ આ સમારોહમાં પરેડ કરી હતી, જે તેના પારંપરિક પોશાકમાં સજ્જ હતા.

૪) આ સંમેલનનું આયોજન આદિવાસી બાબતોના મંત્રાલય દ્વારા કરવામાં આવેલ.

૫) આ સંમેલન ચાર દિવસ સુધી ચાલનાર છે, તેમાં આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતા વિશેષ કાર્યક્રમો પ્રસારિત કરાશે.

૬) સંમેલન દરમિયાન કાર્યક્રમોમાં લાઈવ સંગીત અને નૃત્ય પ્રદર્શન, શિલ્પ પ્રદર્શન, પૈનલ ચર્ચા, પુસ્તક મેળા જેવા આકર્ષણો મુખ્ય રહેશે.

૭) આ સંમેલનમાં 1600 કલાકારો અને અન્ય 8000 આદિવાસીઓ પ્રતિનિધિના રૂપમાં ભાગ લીધેલ.

## સમીક્ષા ૯૦ (1) તા ૨૯/૧૦/૨૦૧૬

**28 ઓક્ટોબર 2016 ના રોજ રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ મનાવવામાં આવ્યો...**

૧) કેન્દ્રીય આયુષ્ય મંત્રાલય દ્વારા 28 ઓક્ટોબર 2016 ના રોજ રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ મનાવવાની જાહેરાત કરવામાં આવેલ.

૨) આ દિવસનો વિષય રાખવામાં આવ્યો હતો,આયુર્વેદના માધ્યમથી રોગો મીટાવવા અને ડાયાબીટીસ જેવા રોગો પર નિયંત્રણ.

૩) આ દિવસ દર વર્ષે ધનવંતરી જયંતીના દિવસે મનાવવામાં આવશે.

૪) આ દિવસે આયુષ્ય મંત્રાલય દ્વારા દિલ્હીમાં એક દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું.

૫) રાષ્ટ્રીય આયુર્વેદના દિવસથી પુરા દેશમાં મિશન મધુમેહ એક વિશેષ રૂપથી પરિકલ્પિત રાષ્ટ્રીય ઉપચાર પ્રોટોકોલ લાગુ કરવામાં આવેલ છે.

૬) ધનવંતરીને હિંદુ ધર્મમાં દેવતાઓના વૈદ્ય માનવામાં આવે છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૭) તેઓના વંશમાં દિવોદાસ થઇ ગયા જેણે શલ્ય ચિકિત્સાનું વિશ્વનું પ્રથમ વિદ્યાલય કાશીમાં સ્થાપિત કર્યું હતું,જેના પ્રધાન આચાર્ય તરીકે સુશ્રુતે સેવા આપી હતી.

**સમીક્ષા ૯૧ (1) તા ૩૦/૧૦/૨૦૧૬**

**ભારતના પાયદળ સૈન્યએ 69 મો પાયદળ દિવસ મનાવ્યો...**

૧) દેશના પાયદળ સૈન્યએ 27 ઓક્ટોબર 2016 ના રોજ 69 મો પાયદળ દિવસ મનાવ્યો હતો.

૨) પાયદળ સૈન્યની બહાદુરીની યાદમાં સશસ્ત્ર સૈન્ય દ્વારા 27 ઓક્ટોબરના રોજ પ્રત્યેક વર્ષ આ દિવસ મનાવવામાં આવે છે.

૩) આ દિવસ યુદ્ધની રાણીના નામે પણ ઓળખવામાં આવે છે.

૪) વર્ષ 1947 માં પાકિસ્તાની હુમલાખોરો સામે જમ્મુ–કાશ્મીરમાં લડનાર અને બલિદાન આપનાર પાયદળ સેનાના અધિકારીઓ અને સૈનિકોને યાદ કરવા તથા તેઓને સન્માન આપવા ભારતીય સેના 27 ઓક્ટોબર આ દિવસ ઉજવે છે.

૫) આ દિવસે ભારતીય સેનાની શીખ રેજીમેન્ટની પ્રથમ બટાલીયનનું પાયદળ શ્રીનગર વાયુસેના મથક પર ઉતરી લડાઈ કરીને પાકિસ્તાનીઓને હાંકી કાઢ્યા હતા.

૬) પાયદળ સૈન્યની એક શાખા છે, જે યુદ્ધ દરમિયાન સૌથી વધારે જોખમ સાથે લડાઈ કરે છે.

૭) ઐતિહાસિક દ્રષ્ટિએ પાયદળ સેના લડાકુ હથિયારની સૌથી જૂની શાખા ના રૂપમાં ઓળખવામાં આવે છે.

**સમીક્ષા ૯૨ (1) તા ૩૧/૧૦/૨૦૧૬**

**પંજાબ રાજ્ય દ્વારા નેશનલ કેડેટ કોર્પ રમતો જીતવામાં આવી...**

૧) પંજાબ નિર્દેશાલય દ્વારા 27 ઓક્ટોબર 2016 ના રોજ રાષ્ટ્રીય કેડેટ કોર્પ રમતોનો ખિતાબ જીતેલ છે.

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

www.edusafar.com

૨) પંજાબના રાજ્ય રક્ષામંત્રી સુભાષ ભામરેએ વિજેતાઓને પુરસ્કારો વિતરિત કરવામાં આવ્યા હતા.

૩) એન.સી.સી રમતોનો ઉદેશ્ય પ્રતિભાશાળી રમતવીરોને સ્કોપ આપવા તથા રાષ્ટ્રીય પ્લેટફોર્મ પૂરું પાડવાનો રહેલો છે.

૪) દિલ્હી કૈન્ટમાં આયોજિત આ સમાપન સમારોહમાં એન.સી.સી.ના જવાનોએ અલગ–અલગ કરતબો બતાવ્યા હતા.

૫) સારંગ હેલીકોપ્ટર એરોબૈટીક ટીમ દ્વારા પ્રતિભાનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

૬) આ કાર્યક્રમ દરમિયાન ભાગ લઈ રહેલા ખેલાડીઓ દ્વારા માર્ચ પાસ્ટ પણ કરવામાં આવેલ.

૭) એન.સી.સી.ના 17 નિર્દેશાલયોના કૈડેટ્સે આ કાર્યક્રમમાં પોતાની પ્રતિભાના દર્શન કરાવ્યા હતા.

**– પરેશ ચાવડા**

www.edusafar.com